ડુપ્લીકેટ પી.એસ.આઈ બની લોકોને પોલીસમા ભરતી કરવાના બહાને લાખો રૂપીયાની ઠગાઈ કરી નાસતા ફરતા ઈસમને પકડી પાડતી સુરત શહેર એસ.ઓ.જી.ની ટીમ.

તા.૧૩/૫/૨૦૧૭ નારોજ તથા એસ.ઓ.જીના સ્ટાફના પોલીસ માણસો દ્વારા પેટ્રોલીંગ દરમ્યાન બાતમી મળેલ કે એક ઈસમ નામે કિરીટભાઇ દેવેન્દ્રભાઇ રાવળીયા ઉ.વ.-૨૬ ધંધો-બેકાર રહે- ઘર નં.૪, ચન્દ્રલોક સોસાયટી, પરવતગામ પુણા સુરત વાળો અમરોલી તેમજ કાપોદ્રા વિસ્તારમાંથી અલગ-અલગ જગ્યાએ પોલીસ સબ ઇન્સ્પેકટર તરીકેની ખોટી ઓળખ આપી, પોલીસમાં ભરતી કરાવી દેવાનુ કહી ખોટી રીતે લોકો પાસે પૈસા પડાવવા અંગેના ગુનાઓ કરેલ હોય અને મજકુર ઈસમ વિરૂધ્ધમાં અમરોલી પો.સ્ટે.ના **I** ગુના રજી નં.૮૭/૨૦૧૭ ઇ.પી.કો કલમ. ૧૭૦, ૧૭૧, ૪૦૬, ૪૨૦, ૫૦૪, ૫૦૭, મુજબના ગુન્હા નોંધાયેલ છે. અને તે ગુન્હામા નાસતો ફરતો હોય જેથી મજકુર આરોપી કોસાડગામ બસ સ્ટેન્ડ પાસે સિલ્વર કલરની હીરો કંપનીની ડ્યુટ ગાડી જેનો આગળ પાછળ રજીસ્ટ્રેશન નંબર જોતાં **GJ-05-MR-5390** પર આવવાની બાતમી મળતા તે આધારે આવતા પકડી પાડેલ છે. મજકુર ઈસમની પુછપરછમા પોતે ડુપ્લીકેટ પી.એસ.આઈ. બની અમરોલી તેમજ કાપોદ્રા વિસ્તારમા રહેતા લોકોને પોતાની પોલીસ ખાતામા ઘણી ઓળખાણ છે. હું પોલીસમા નોકરી લગાવી આપીશ તેવી લોભામણી વાતો કરી તેમજ કોઈના ઘરનો કબ્જો ખાલી કરાવી આપવા તેમજ પોલીસની ઓળખ આપી દુકાનમાથી કપડા ખરીદી લઈ જુદા-જુદા બહાના હેઠળ અલગ-અલગ વ્યક્તિઓ પાસેથી આશરે `.૧૫,૦૦,૦૦૦/- થી વધુની રકમની છેતરપીંડી કરેલ છે. મજકુર આરોપી કિરીટભાઇ દેવેન્દ્રભાઇ રાવળીયા ઉ.વ.-૨૬ ધંધો- બેકાર રહે- ઘર નં.૪, ચન્દ્રલોક સોસાયટી, પરવતગામ પુણા, સુરતવાળાને આજરોજ તા.૧૩/૫/૨૦૧૭ કલાક ૧૩/30 વાગ્યે સી.આર.પી.સી કલમ ૪૧(૧)આઈ મુજબ અટક કરી મજકુર ઈસમનો કબ્જો અમરોલી પોલીસને સોપેલ છે.